9/10/26, 12:45 PM Sabarkantha E-Paper Today | Gujarati Newspaper

+ ZOOM

ખેડબ્રહ્માના દેરોલ હાઇસ્કૂલમાં તિથિ ભોજન અપાયુ

ખેડબ્રહ્મા : દેરોલ (વા) સ્થિત શેઠ વી. સી. મહેતા હાઇસ્કૂલ તેમજ પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓ માટે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક તિથી ભોજન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ખેરાલુ નિવાસી દાતા ગોવિંદભાઈ દેસાઈ તરફથી આ તિથી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને શાળાઓના તમામ બાળકોને ભાવપૂર્વક મિષ્ટાન સાથે સાત્વિક ભોજન પીરસાયું હતું. આ ઉમદા સેવાકાર્ય બદલ શાળાના આચાર્ય રાજેન્દ્રસિંહ.એમ.રહેવર દ્વારા દાતા ગોવિંદભાઈ દેસાઈને સાલ ઓઢાડી તેમજ સ્મૃતિચિહ્ન રૂપે ફોટો અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

સહકારી ખ.વે.સંઘને તાલુકા સંઘ તરીકે માન્યતા મળી

શામળાજી : અરવલ્લી જિલ્લાના શામળાજી વિભાગીય સહકારી ખરીદ-વેચાણ સંઘને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા 'તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ' તરીકે મંજૂરી આપવામાં આવી છે. મંત્રી પી. સી. બરંડાના માર્ગદર્શન અને સંઘના હોદ્દેદારોના પ્રયાસોથી આ સિદ્ધિ મળી છે. આ નિર્ણયથી ખેડૂતોને ઘરઆંગણે જ વ્યાજબી ભાવે ખાતર, બિયારણ અને દવાઓ સરળતાથી ઉપલબ્ધ થતાં સમગ્ર પંથકના ખેડૂતોમાં આનંદની લહેર ફેલાઈ છે.

બાયડના જોધપુરથી જીતપુર બસ શરૂ થતાં છાત્રોને રાહત

બાયડ : બાયડના જોધપુરથી જીતપુરનો બસરૂટ શરૂ કરવા માટે થયેલી રજૂઆતોને અનુલક્ષીને બસસેવા શરૂ કરાતાં ખાસ કરીને વિદ્યાર્થીઓમાં રાહતની લાગણી ફેલાઇ છે. બસસેવા શરૂ થતાં જીતપુર, જોધપુર, રૂઘનાથપુર, લાલપુર ગામના વિદ્યાર્થીઓને શાળાઓમાં આવવા-જવા માટે મોટી રાહત થઇ છે. બસસેવા નિયમિત ધોરણે ચાલુ રહે તો વધુમાં વધુ વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે તેમ છે તેવું સ્થાનિકોએ જણાવ્યું હતું.

બાયડના ભુડાસણ ગામે પ્રા. શાળામાં તિથિ ભોજન અપાયું

બાયડ : બાયડ તાલુકાના ભુડાસણ ગામે પ્રાથમિક શાળામાં પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ગામના અગ્રણીઓ તરફથી બાળકોને તીથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ દિવસે શિક્ષક બાળદિવસ ઉજવવામાં આવ્યો હતો. તિથીભોજન બદલ શાળાના આચાર્ય અને શિક્ષકોએ ભોજનના દાતાઓની ભાવનાને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

સાઠંબાની પાતેરા પ્રા. શાળામાં સ્વયંશિક્ષક દિનની ઉજવણી

બાયડ : સાઠંબા તાલુકાની પાતેરા પ્રાથમિક શાળામાં તા.૫ સપ્ટેબરે સ્વયંશિક્ષક દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોએ શિક્ષક બની શિક્ષણ કાર્ય કરી અન્ય બાળકોને વર્ગ શિક્ષણ કરાવી આનંદ મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરિવારે કર્યું હતું.

સાઠંબાની પાતેરા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન અપાયું

બાયડ : સાઠંબા તાલુકાની પાતેરા પ્રાથમિક શાળામાં શ્રાવણ માસ નિમિત્તે ગામના દેવસિંહ સોલંકી, પ્રતાપસિંહ સોલંકી, ભ્રમરસિંહ સોલંકી, કેસરીસિંહ સોલંકી, જશવંતસિંહ સોલંકીના પરિવારોએ ભેગા મળીને શાળાના તમામ બાળકોને તિથિ ભોજન કરાવ્યું હતું. શાળાના આચાર્ય કનુભાઇ પરમારે તમામ દાતા પરિવારોની ભાવનાને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

કોમર્સ કોલેજ મોડાસામાં શિક્ષક દિવસની ઉજવણી કરાઇ

બાયડ : મ લા ગાંધી ઉ. કેળવણી મંડળ મોડાસા સંચાલિત શ્રી એચ એસ શાહ કોલેજ ઓફ કોમર્સ ખાતે સ્વયંશિક્ષક દિનની ઉજવણી કરાઇ હતી. કુલ ૪૮ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને શૈક્ષણિક કાર્ય સંભાળ્યું હતું. પ્રતિભાવમાં શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. પટેલ ઉર્વશી, તરાર માનસીએ અનુક્રમે આચાર્ય અને ઉપાચાર્ય તરીકે કામગીરી કરી હતી. કા.આચાર્ય ડો. ગોપાલ વણકરે શિક્ષક ધર્મ વિશે માહિતી આપી હતી. મંડળ પ્રમુખ મહેન્દ્રભાઇ શાહ, પ્રભારી મંત્રી જયેશ દોશી, ઉપપ્રમુખ સુભાષ શાહે અભિનંદન પાઠવ્યા હતા. આયોજન ડો. જીગ્નાશાબેન પટેલે અને સંચાલન ડો. કમલેશ ગોસ્વામીએ કર્યું હતું.

પોશીનાની ૧૬ પ્રાથમિક શાળાઓને મળ્યા સ્માર્ટ ટીવી

પોશીના : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, પોશીના તાલુકા ટીમની સક્રિય રજૂઆતો અને સતત પ્રયાસોને મોટી સફળતા મળી છે. રાજ્યસભા સાંસદ રમીલાબેન બારાના સહયોગથી તાલુકાની ૧૬ આંતરિયાળ શાળાઓને ડિજિટલ શિક્ષણ માટે સ્માર્ટ ટીવી ફાળવવામાં આવ્યા છે. આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં મહાસંઘના તાલુકા અધ્યક્ષ રવિભાઈ નિનામા અને મહામંત્રી ભરતભાઈ કાછોટની જહેમત નિર્ણાયક રહી છે. સ્માર્ટ ટીવી મળવાથી છેવાડાના વિસ્તારોમાં અભ્યાસ કરતા બાળકોને આધુનિક, વિઝ્યુઅલ અને ગુણવત્તાસભર ડિજિટલ શિક્ષણનો સીધો લાભ મળશે. શિક્ષકોના વહીવટી પ્રશ્નો, પગાર સંબંધિત બાબતો કે શાળાઓની ભૌતિક જરૂરિયાતોના નિરાકરણ માટે મહાસંઘ સતત સેતુરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે, ત્યારે આ નવી સુવિધાથી સમગ્ર પંથકના શિક્ષણ જગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

હિંમતનગર સિવિલમાં ૧૯૫ હજયાત્રીઓની શારીરિક તપાસ

હિંમતનગર :સાબરકાંઠા જિલ્લામાંથી એપ્રિલ ૨૦૨૭માં ૧૯૫ હજયાત્રીઓ હજ પઢવા જનાર છે ત્યારે આ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં તેમની શારિરીક તપાસની પ્રક્રિયા બુધવારે શરૂ કરાઈ હતી. જે કામગીરી ગુરૂવારે સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ અંગે હિંમતનગર સિવિલના આરએમઓ ડૉ.વિપુલ જાનીના જણાવાયા મુજબ, હિંમતનગર મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલમાં બુધવારથી હજ પઢવા જનાર ૧૯૫ હજયાત્રીઓની શારિરીક તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ફિટનેસ પ્રક્રિયામાં હિમોગ્લોબિનના તમામ ટેસ્ટ, સુગર, ઈસીજી, એક્સ-રે ચેસ્ટ અને સોનોગ્રાફી કરવામાં આવશે. આ તમામ હજયાત્રીઓ સરકારમાં નોંધાયેલા છે. બુધવારે અને ગુરૂવારે આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.

વિજયનગર આટ્ર્સ કોલેજમાં સામાન્ય જ્ઞાન કસોટી યોજાઈ

વિજયનગર : રાજપુર કેળવણી મંડળ સંચાલિત વિજયનગર આટ્ર્સ કૉલેજમાં તા -૮મીના રોજ સપ્તધારા - જ્ઞાનધારા અંતર્ગત સામાન્ય જ્ઞાન કસોટી (જનરલ નોલેજ ટેસ્ટ)નું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ૩૯ વિદ્યાર્થી ભાઈ -બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કૉલેજના પ્રિ. શ્રી ડૉ. બી.એન.પટેલ તથા સપ્તધારાના કન્વીનર ડૉ. બી.એ.પટેલે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન જ્ઞાનધારાના કો.ઓર્ડિનેટર ડૉ. આર.ડી.પટેલ તથા ડૉ.એ.પી.ડામોરે કર્યુ હતું. રાજપુર કેળવણી મંડળના મંત્રી એચ.એમ.પટેલે તમામ સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બાયડના સુંદરપુરા ખાતે ભાગવત કથા અને પોથીયાત્રા યોજાઈ

બાયડ : બાયડ તાલુકાના સુંદરપુરા (અયોધ્યાધામ) ખાતે આવેલ રામજી મંદિર પરિસરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતુ. કથાના પ્રારંભે સવારે ૮:૩૦ કલાકે આનંદપુરાકંપા (સાઠંબા)થી સુંદરપુરા સુધી શોભાયાત્રા (પોથીયાત્રા) નીકળી હતી. વ્યાસપીઠ પરથી પાલીતાણા રામજી મંદિરના મહંત તુલસીદાસજી મહારાજે સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતુ. આ ધાર્મિક મહોત્સવમાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય અને રૂકમણી વિવાહ જેવા પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. બપોરે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. આ ધાર્મિક પ્રસંગનો સમસ્ત પંથકના ભક્તજનોએ લાભ લીધો હતો.

શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર મેળવી ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું

બાયડ : અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અંતિસરા ગામના વતની શિક્ષક વિપુલકુમાર ધીરૂભાઈ પટેલને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની હાલીસા હાઈસ્કૂલમાં વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ઓનલાઈન શિક્ષણ, નિષ્ઠાપૂર્વકની કામગીરી અને પર્યાવરણ ક્ષેત્રે કરેલા ઉત્કૃષ્ટ યોગદાન બદલ શિક્ષક દિન નિમિત્તે તેમને આ બહુમાન મળ્યું છે. આ સિદ્ધિ બદલ તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

બાયડની વાસણીરેલ પ્રાથમિક શાળામાં તિથી ભોજન અપાયું

બાયડ : બાયડ તાલુકાની વાસણીરેલ પ્રાથમિક શાળામાં શાળા પરિવાર તરફથી અને ચાલુ વર્ષે તાલુકામાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર ઉચ્ચ પ્રાથમિક શિક્ષિકા રૂપલબેન સુરેશચંદ્ર ગોસાઈ તરફથી તિથી ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો અને એસએમસી સભ્યોએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

નામ બદલેલ છે

મારું જૂનું નામ
આશિષકુમાર સત્યપાલ
મારું નવું નામ
આશિષકુમાર સત્યપાલ રાજપુત

સરનામું : એલ-૮૦૪, પાવન સીટી, મેઘરજ રોડ, મોડાસા, તા. મોડાસા, જી. અરવલ્લી

CHANGE OF NAME

Old Name
AHMADBHAI SULEMANBHAI MASU
New Name
AHMADBHAI HANIFBHAI MASU
ADDRESS: AT.KESHARPURA, TA.IDAR, DIST.SABARKANTHA, GUJARAT

નામ બદલેલ છે

જૂનું નામ
શિલ્પાબહેન નિલેશકુમાર પટેલ
નવું નામ
શિલ્પાબેન નિલેશભાઈ પટેલ

સરનામું: મુ.પો.વીરપુર, તા.ઈડર, જી.સાબરકાંઠા, ૩૮૩૨૩૦

CHANGE OF NAME

Old Name : Shah Kavya Chetankumar
New Name : Kavya Chetan Shah
Add:- 10-15, Swarnim Residency, Opp. Gayatri Temple,Near Railway Station,Malpur Road, Modasa,Ta.Modasa, Dist : Arvalli,Pin.383315

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ, સબ ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા, તાલુકો- તલોદ, મુ.પો. તાજપુર કેમ્પ (તાજપુર કેમ્પ ગ્રામ પંચાયત) આવેલ જમીન તથા તેમાં આવેલા બાંધકામ સહિતની મિલકત નં.૩૨૪, હાઉસ નં.૩૧૨, જેનુ ક્ષેત્રફળ ૧૪૮.૭૦ ચો.મી છે. ના તમામ ટુકડો અને પાર્સલ ગામતળ જમીન વિસ્તાર "માધવાસ" આવેલી જમીન બાંધકામ પર સ્થિત છે.ઝાલા યશપાલસિંહ દૂરસિંહ બાપુસિંહ ની પોતાની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવેલ છે કે જેઓ મજકુર મિલ્કત હાઉસિંગ લોન મેળવવા માટે અમારા અસીલ "માસ રુરલ હાઉસિંગ એન્ડ મોર્ટગેજ ફાઈનાન્સ લિ." માં ગીરો મુકવા માગે છે. MRHMFL0826113094

જો સદરહુ મિલ્કતમાં અન્ય કોઈનો લાગભાગ, હક્ક, હિત કે હિસ્સો પોષાતો આવેલ હોયતો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં નીચે જણાવેલ સરનામે લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી જો આમ કરવામાં ચુક થયેથી સદરહું મિલ્કતમાં અન્ય કોઈનો લાગભાગ, હક્ક, હિત કે હિસ્સો આવેલ નથી. તથા તમામે પોતાની રાજીખુશીથી વેવ/જતો કરેલ છે. તેમ સમજી સદરહુ મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું જે જાણશો.

એડવોકેટ: ઝહુર એમ.પાંચભૈયા - મો.૯૪૨૮૬૪૨૯૬૨
ઓફિસ : બીજો માળ, હાજી કોમ્પલેક્ષ, બહુમાળી ભવન પાસે, GEB ઓફિસની સામે, હિંમતનગર-૩૮૩૦૦૧, સાબરકાંઠા

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ, સબ ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા, તાલુકો- વિજયનગર, મુ.પો.ચિઠોડા (ચિઠોડા ગ્રુપ ગ્રામ પંચાયત) આવેલ જમીન તથા તેમાં આવેલા બાંધકામ સહિતની ઉષાબેન વિજયકુમાર બોદર (ઉષાબેન વિજયકુમાર બોદરની પ્રથમ મિલકત) તે બધો ટુકડો અને પાર્સલ ચિઠોડા ગ્રુપ ગ્રામ પંચાયત મિલકત નં. ૬૦૦, ઘર નં. ૫૫૩, આશરે ૩૪૪.૮૦ ચો.મી.અને તેના પર બાંધકામ ચિઠોડા સ્થિત જમીન (૧) ગામતળ જમીન પર. ચિઠોડા, તા- વિજયનગર, અને (૨)(ઉષાબેન વિજયકુમાર બોદરની બીજી મિલકત)તે બધો ટુકડો અને પાર્સલ ચિઠોડા ગ્રુપ ગ્રામ પંચાયત મિલકત/દુકાન નંબરઃ ૬૦૧, મકાન નં. ૫૫૪ અને મિલકત/દુકાન નં. ૬૦૨, મકાન નં. ૫૫૫ અને મિલકત/દુકાન નં. ૬૦૩, મકાન નં. ૫૫૬ અને મિલકત/દુકાન નં. ૬૦૪, મકાન નં. ૫૫૭ અને તેના પર બાંધકામ ચિઠોડા સ્થિત જમીન (૧) ગામતળ જમીન પર. ચિઠોડા, તા- વિજયનગર, સાબરકાંઠા, (ઉપરની બંને મિલકતો ઉપર કુલ આશરે ૪૯૨.૫૭ ચોરસ મીટર છે.) તેના પર બાંધકામ જમીન પોતાની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવેલ છે કે જેઓ મજકુર મિલ્કત હાઉસિંગ લોન મેળવવા માટે અમારા અસીલ "માસ રુરલ હાઉસિંગ એન્ડ મોર્ટગેજ ફાઈનાન્સ લિ." માં ગીરો મુકવા માગે છે. MRHMFL0826102440

જો સદરહુ મિલ્કતમાં અન્ય કોઈનો લાગભાગ, હક્ક, હિત કે હિસ્સો પોષાતો આવેલ હોયતો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં નીચે જણાવેલ સરનામે લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી જો આમ કરવામાં ચુક થયેથી સદરહું મિલ્કતમાં અન્ય કોઈનો લાગભાગ, હક્ક, હિત કે હિસ્સો આવેલ નથી. તથા તમામે પોતાની રાજીખુશીથી વેવ/જતો કરેલ છે. તેમ સમજી સદરહુ મિલ્કતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું જે જાણશો.

એડવોકેટ: ઝહુર એમ.પાંચભૈયા - મો.૯૪૨૮૬૪૨૯૬૨
ઓફિસ : બીજો માળ, હાજી કોમ્પલેક્ષ, બહુમાળી ભવન પાસે, GEB ઓફિસની સામે, હિંમતનગર-૩૮૩૦૦૧, સાબરકાંઠા

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવાનું કે, સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના મોજેઃ હરસોલ ગામની સીમમાં જૂના સર્વે નં. ૨૦૮ જેનો રિ-સર્વે અન્વયે નવીન બ્લોક / સર્વે નં. ૮૮૯ છે જેનું કુલ ક્ષેત્રફળ રિ-સર્વે મુજબ ૨-૯૨-૭૫ હે.આરે.ચો.મી. છે તે પૈકી ૦-૭૪-૧૨ હે.આરે.ચો.મી. જેનો ખાતા નં. ૧૭૪૦ છે તે જૂની શરતની ખેતીલાયક જમીન (૧) મહેન્દ્રભાઈ ગીરધરભાઈ પટેલ, રે. બડોલી, તા.ઈડર તથા (૨) કિરણકુમાર પોપટભાઈ પટેલ, રે. પૃથ્વીપુરા, તા. ઈડર ના ઓ એ તા. ૫-૪-૨૦૨૩ ના રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં. ૧૨૪૮ થી વેચાણ રાખેલ જે આજની તારીખે પણ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની જાતખેતીમાં તથા તેમના પોષાતા હિસ્સાની તથા તેમાં તેઓના સિવાય અન્ય કોઈપણ ઈસમનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિત કે હિસ્સો તથા ગણોત, વારસાઈ કે વહેંચણી હકક આવેલ નથી અને તે ઉપર કોઈ બોજો નથી તેમજ તે બીનતકરારી તથા દાવા દુવીથી મુકત હોવાનું જણાવી વેચાણ અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

જેથી આ નોટીસ આધારે જણાવવાનું કે, ઉપરોકત હરસોલ ના નવીન બ્લોક / સર્વે નં. ૮૮૯ પૈકી ૦-૭૪-૧૨ હે.આરે.ચો.મી. ખેતીલાયક જમીન ઉપર આજની તારીખે ઉપરોકત ખાતેદારો સિવાય અન્ય કોઈપણ ઈસમનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, ગણોત / ખેડહકક તથા વારસાઈ, વહેંચણી, વેચાણ, સામયિક ભાગીદારી હકક કે ગણોત, ગીરોહકક / કબજાહકક હોય તથા તે ઉપર કોઈ બેંક, સંસ્થા, યા મંડળી કે ખાનગી વ્યકિતનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો હોય તેમજ અન્ય કોઈને વેચાણખતથી પ્રાપ્ત થતા હકકો, મુખત્યારનામા, લીસપેન્ડન્સી, તેમજ ઈઝમેન્ટ રાઈટસ રહેલા હોય અગર તો પોષાતા હોય તેમજ કોર્ટમાં કોઈ દાવા પેડીંગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને નીચેના સરનામે લેખીતમાં પુરાવા સાથે જાણ કરવી અગર વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થયેથી મુદત વિત્યે સદરહું ઉપરોકત ખેતીલાયક જમીન / હિસ્સામાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક પોષાતા નથી અને હોય તો તે જતા યાને (Waive) કરેલ છે તેમ સમજી સદરહું ખેતીલાયક જમીન પૈકીનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમારા તરફથી ઈસ્યુ કરવામાં આવશે તેની તમામે નોંધ લેવી.

ડી.એસ.ચંપાવત, એડવોકેટ
સ્થળઃ હિંમતનગર — હે.એ/૧૧, આકાર કોમ્પલેક્ષ, ન્યાય મંદિર રોડ,
તારીખઃ ૧૦-૦૯-૨૦૨૬ — મુ.પો.તા.હિંમતનગર, મો.૯૯૦૯૬ ૦૭૫૫૧

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવાનું કે, સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના મોજેઃ હરસોલ ગામની સીમમાં જૂના સર્વે નં. ૧૯૮ જેનો રિ-સર્વે અન્વયે નવીન બ્લોક / સર્વે નં. ૮૮૩ છે જેનું કુલ ક્ષેત્રફળ ૪-૭૩-૨૧ હે.આરે.ચો.મી. છે તે પૈકી ઉત્તર તરફની ૧-૮૦-૧૩ હે.આરે.ચો.મી. જેનો ખાતા નં. ૧૯૨૪ છે તે જૂની શરતની ખેતીલાયક જમીન (૧) બાબુભાઈ ધુળાભાઈ પટેલ તથા (૨) કિર્તિભાઈ મણાભાઈ પટેલ, બંને રે. નરસિંહપુરા, તા.ઈડરના ઓ એ તા. ૨૮-૬-૨૦૨૩ ના રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૨૪૧૩ થી વેચાણ રાખેલ જે આજની તારીખે પણ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની જાતખેતીમાં તથા તેમના પોષાતા હિસ્સાની તથા તેમાં તેઓના સિવાય અન્ય કોઈપણ ઈસમનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હકક, હિત કે હિસ્સો તથા ગણોત, વારસાઈ કે વહેંચણી હકક આવેલ નથી અને તે ઉપર કોઈ બોજો નથી તેમજ તે બીનતકરારી તથા દાવા દુવાથી મુક્ત હોવાનું જણાવી વેચાણ અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

જેથી આ નોટીસ આધારે જણાવવાનું કે, ઉપરોકત હરસોલ ના નવીન બ્લોક / સર્વે નં. ૮૮૩ પૈકી ૧-૮૦-૧૩ હે.આરે.ચો.મી. ખેતીલાયક જમીન ઉપર આજની તારીખે ઉપરોકત ખાતેદારો સિવાય અન્ય કોઈપણ ઈસમનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, ગણોત / ખેડહકક તથા વારસાઈ, વહેંચણી, વેચાણ, સામયિક ભાગીદારી હકક કે ગણોત, ગીરોહકક / કબજાહકક હોય તથા તે ઉપર કોઈ બેંક, સંસ્થા, યા મંડળી કે ખાનગી વ્યકિતનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો હોય તેમજ અન્ય કોઈને વેચાણખતથી પ્રાપ્ત થતા હકકો, મુખત્યારનામા, લીસપેન્ડન્સી, તેમજ ઈઝમેન્ટ રાઈટસ રહેલા હોય અગર તો પોષાતા હોય તેમજ કોર્ટમાં કોઈ દાવા પેડીંગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને નીચેના સરનામે લેખીતમાં પુરાવા સાથે જાણ કરવી અગર વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થયેથી મુદત વિત્યે સદરહું ઉપરોકત ખેતીલાયક જમીન / હિસ્સામાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક પોષાતા નથી અને હોય તો તે જતા યાને (Waive) કરેલ છે તેમ સમજી સદરહું ખેતીલાયક જમીન પૈકીનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમારા તરફથી ઈસ્યુ કરવામાં આવશે તેની તમામે નોંધ લેવી.

ડી.એસ.ચંપાવત, એડવોકેટ
સ્થળઃ હિંમતનગર — હે.એ/૧૧, આકાર કોમ્પલેક્ષ, ન્યાય મંદિર રોડ,
તારીખઃ ૧૦-૦૯-૨૦૨૬ — મુ.પો.તા.હિંમતનગર, મો.૯૯૦૯૬ ૦૭૫૫૧

સંદેશ ક્લાસિફાઇડ

[નોકરી વિષયક । ધંધાકીય । શૈક્ષણિક । ઔષધ ઉપચાર । પ્રોપર્ટી । નામ બદલેલ । અન્ય]

નોકરી ખાલી છે

એકાઉન્ટસ

જોઇએ છે એકાઉન્ટન્ટ આસિસ્ટન્ટ, બાયડ-અરવલ્લી માટે, 9664899793.
0040616152

વિદેશમાં નોકરી

દુબઇ, ઓમાન, મલેશિયા, વિઝા મફત ટિકીટ ખર્ચ, લેડીઝ- જેન્ટસ સિક્યુરિટી, સેલ્સગર્લ, સેલ્સમેન, નર્સ, રસોઇયા, હેલ્પર, ડ્રાઇવર. મો. 9712187444, 9571157780.
0040616189

ઓફિસ સ્ટાફ

વિધવા ડિવોર્શી લેડીઝ તમામ ઓફિસ કામ ઓનલાઇન ઘરે બેઠા કરે, ૧૦ પાસ સેક્રેટરી, પગાર 25000. મો. 9712187444.
0040616185

ટેકનીકલ

મહેસાણા દેડીયાસણ GIDC સ્થિત ફાર્મા કંપનીમાં ITI પાસ, રોટરી, સ્ટ્રીપ, બ્લિસ્ટર ઓપરેટર અને પ્રોડક્શન, QA, QC કેમિસ્ટ (M Pharm/ B Pharm) તાત્કાલિક જોઈએ છે. સંપર્કઃ 9327536202.
0040616103

જ્યોતિષ

સાંઇ દરબાર 7698689206 તાત્કાલિક લવ પ્રોબ્લેમ, વશીકરણ, મેલી વસ્તુ ઘરે બેઠા કામ. 0040616168

નામ પરિવર્તન

I Have Change My Name Patel Dharmesh Virji to Pethani Dharmesh Virji. Indraprasth Indian Park, Vadagam, Dhansura, Arvalli. 0040616259

વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. - જાહેરખબર મેનેજર

HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સચિન ભાલેકર મો. ૮૭૭૯૯૮૪૦૩૭, સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪,
વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

સરફેસી એક્ટ હેઠળ સિકયૉર્ડ અક્સયામતોની ખાનગી સંધિ (Privatge Treaty) દ્વારા વેચાણ

હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારી તરીકે નીચે હસ્તાક્ષર કરનારે સરફેસી એક્ટની કલમ ૧૪(૧) હેઠળ શેડ્યૂલ પ્રોપર્ટીનો કબજો લીધો છે. જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે શેડ્યૂલમાં વર્ણવેલ સુરક્ષિત મિલકત HHFL ને સંમત શરતો પર, તેના લેણાની વસૂલાત માટે"જેમ છે જ્યાં છે", "જે છે જેવું છે"અને"જે કંઈ પણ છે"ના ધોરણે પ્રાઈવેટ ટ્રીટી (ખાનગી સંધિ) / જાહેર ઈ-હરાજી દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે. માનક નિયમો અને શરતો: ૧. વેચાણ સખત રીતે"જેમ છે જ્યાં છે", "જે છે જેવું છે"અને"જે કંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે. ૨. ખરીદદારે અરજી અને કેવાયસી દસ્તાવેજોની સાથે ઓફર કરેલી રકમના ૧૦%જમા કરાવવાના રહેશે. આ રકમને સ્વીકૃતિ મળ્યા પછી જરૂરી ૨૫% ડિપોઝિટ સામે એડજસ્ટ કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં. ૩. HHFL દ્વારા ઓફરનો સ્વીકાર કરવામાં આવે ત્યારે, ખરીદદારે વેચાણ કિંમતના ૨૫% (શરૂઆતના ૧૦% સહિત) આગલા કામકાજના દિવસ સુધીમાં જમા કરાવવાના રહેશે. ૪. વેચાણ કિંમતની બાકીની ૭૫% રકમ વેચાણની પુષ્ટિ થયાના ૧૫ દિવસની અંદર ચૂકવવાની રહેશે. ૫. નિર્ધારિત સમયમર્યાદામાં રકમ ચૂકવવામાં નિષ્ફળતાના કિસ્સામાં, શરૂઆતના ૧૦% સહિત જમા કરવામાં આવેલી તમામ રકમ આપોઆપ જપ્ત કરવામાં આવશે અને મિલકત કોઈપણ આગવી જાણ કર્યા વગર ફરીથી વેચવામાં આવી શકે છે. ૬. જો HHFL ઓફરનો સ્વીકાર ન કરે, તો શરૂઆતની ૧૦% ડિપોઝિટ કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે. ૭. રૂ.૫૦,૦૦,૦૦૦/- થી વધુની બોલી માટે, સફળ ખરીદદારે આવકવેરા અધિનિયમની કલમ ૧૯૪-IA હેઠળ ૧% TDS જમા કરાવવો પડશે. ૮. મિલકત જાણીતા અથવા અજાણ્યા તમામ હાલના અને ભાવિ બોજાઓ સાથે વેચવામાં આવે છે. HHFL કોઈપણ તૃતીય-પક્ષના દાવાઓ, અધિકારો અથવા વૈધાનિક બાકી લેણાં માટે જવાબદાર રહેશે નહીં. ૯. ખરીદદારે મિલકતના તમામ પાસાઓ પર સ્વતંત્ર રીતે તપાસ કરવાની રહેશે. બાદમાં કોઈ પણ દાવા ધ્યાને લેવામાં આવશે નહીં. ૧૦. HHFL કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ ઓફર નકારવાનો અથવા હરાજી રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. ૧૧. હરાજી/બોલી માત્ર વેબસાઇટ www.bankeauctions.com દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક મોડ" દ્વારા અથવા સર્વિસ પ્રોવાઇડર મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવેલી હરાજી દ્વારા કરવામાં આવશે. ૧૨. બિડર્સ ઓનલાઇન પોર્ટલ દ્વારા તેમની પસંદગીના સ્થળેથી ભાગ લઈ શકે છે. ઇન્ટરનેટ કનેક્ટિવિટીની કોઈપણ સમસ્યા માટે સિક્યોર્ડ લેણદાર/સર્વિસ પ્રોવાઇડર જવાબદાર રહેશે નહીં. ૧૩. ઈ-હરાજીની કોઈપણ વિગતો માટે સંભવિત બિડર્સ સર્વિસ પ્રોવાઇડર મેસર્સ સી૧ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કોર્પોરેટ ઓફિસનો પ્લોટ નં.૬૮, ત્રીજો માળ, સેક્ટર-૪૪, ગોરેગાંવ, હરિયાણા - ૧૨૨૦૦૩ (સંપર્ક અધિકારી શ્રી ભાવિક આર પંડ્યા મોબાઈલ નં. ૮૮૬૬૬૮૨૯૩૭, ઈ-મેઈલ https://www.bankeauctions.com, અને સપોર્ટ (હેલ્પલાઈન) મોબાઈલ નં. +૯૧-૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬, સપોર્ટ ઈ-મેઈલ : Support@bankeauction.com નો સંપર્ક કરી શકે છે. ૧૪. ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઇચ્છુક બોલી લગાવનારાઓએ https://www.bankeauctions.com પર અગાઉથી પોતાનું નામ નોંધાવવું જોઈએ અને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવો જોઈએ. ઇચ્છુક બોલી લગાવનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સેવા પ્રદાતા પાસેથી પાસેથી પાસવર્ડ મેળવ્યા પછી તરત જ ફક્ત પાસવર્ડ બદલી નાખે. ૧૫. ઈ-હરાજીમાં ભાગ લેવા માટે, ઇચ્છુક બિડર્સે રિફંડેબલ અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) એટલે કે અનામત કિંમતના ૧૦%ડિમાન્ડ ડ્રાફ્ટ/NEFT/RTGS દ્વારા"હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ"ના પક્ષમાં જમા કરાવવાના રહેશે. ૧૬. રસ ધરાવતા પક્ષો વિગતો માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે અને ઓફર, ઇએમડી અને કેવાયસી દસ્તાવેજો **૨૫-૦૯-૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા** સુધીમાં સબમિટ કરી શકે છે. ૧૭. સફળ હરાજી ખરીદનાર ગીરો રાખેલી મિલકત સંબંધિત તમામ સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, કર અને અન્ય વૈધાનિક ખર્ચાઓ ભોગવશે. ૧૮. તાજેતરના અદાલતી આદેશો મુજબ, આ નોટિસના પ્રકાશનની તારીખથી સરફેસી એક્ટની કલમ ૧૩(૮) હેઠળ લોન લેનારાઓ/ગીરો રાખનારાઓનો મિલકત છોડાવવાનો અધિકાર સમાપ્ત થાય છે. ૧૯. વેચાણ સરફેસી એક્ટ અને તેના નિયમોની જોગવાઈઓ અનુસાર કરવામાં આવશે. ૨૦. બિડ વધારાની રકમ: **રૂ. ૧૦,૦૦૦/-**

ક્રમ સં.	ઉધારકર્તા(ઓ), સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ	કુલ બાકી રકમ	રીઝર્વ કિંમત	ઈએમડી ની રકમ	ઈ-હરાજીની તારીખ સમય અને સ્થળ
૧	ઉધારકર્તા : શ્રી વિજયકુમાર રાજ સહ ઉધારકર્તાર : શ્રી મનુભાઈ વાઘેલા સહ ઉધારકર્તાર : શ્રીમતી લક્ષ્મીબેન વાઘેલા A/c. No. GJ/MSN/HMTN/A000000595	તા. ૯-૦૯-૨૦૨૬ મુજબ રૂા. ૩૦,૫૧,૩૪૪/- (રૂપિયા ત્રીસ લાખ એકાવન હજાર ત્રણસો ચુમ્માલિસ પુરા)	રૂા. ૧૪,૬૫,૦૦૦/- (રૂપિયા ચૌદ લાખ પાંસઠ હજાર પુરા)	રૂા. ૧,૪૬,૫૦૦/-	તારીખ : ૨૬-૦૯-૨૦૨૬ સમય : ૧૫:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતી કોમ્પોલેક્ષ અને પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫.

મિલકતનું વર્ણન (સુરક્ષિત સંપત્તિ): ગુજરાત રાજ્યના હિંમતનગર ટકૂલ ખાતે આવેલ પ્લોટ નં. ૪૪, ૧૩૭.૪૬ ચોરસ મીટર વિસ્તાર, પ્રસ્તાવિત બાંધકામ ૫૮.૮૯ ચોરસ મીટર, માર્જિન ૭૮.૫૭ ચોરસ મીટર, 'શ્રી સાબરવિલા રેસીડેન્સી' ધરાવતી મિલકતના તમામ હક, માલિકી હક અને હિત જેમાં એનએ જમીન ધરાવતો મહેસૂલ સર્વે નં. ૨૭૩ પાયકી (નવો સર્વે નં. ૪૨૭), ખાતા નં. ૧૯૬, ગામ - હાજીપુર, તાલુકા - હિંમતનગર અને જિલ્લો - સાબરકાંઠા ખાતે સ્થિત છે અને નીચે મુજબ સીમા ધરાવે છેઃ ઉત્તરઃ માર્જિન જગ્યા, દક્ષિણઃ પ્લોટ નં. ૪૫, પૂર્વઃ પ્લોટ નં. ૫૭, પશ્ચિમઃ ૭.૫૦ મીટર પહોળો રસ્તો.

સ્થળ : હિંમતનગર તા. ૧૦-૦૯-૨૦૨૬ — નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનું અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી, હિન્દુજા, હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

સંદેશ સમાચાર અને જાહેરાત માટે
હિંમતનગર : ૯૮૨૫૪૪૪૪૦૦ બાયડ : ૯૮૯૮૦૧૬૬૦૦ મોડાસા : ૯૯૭૪૭૮૪૦૮૫ / જા.ખ. ૭૦૬૯૦૫૦૭૪૧ ઈડર : ૯૮૯૮૦૦૮૦૮૬
ભિલોડા : ૯૪૨૯૦૮૪૨૯૯ ખેડબ્રહ્મા :૯૮૯૮૫૧૯૧૭૩ પ્રાંતિજ : ૯૪૨૬૫૪૬૮૮૭ હરસોલ : ૯૪૨૬૩૬૨૦૩૬ તલોદ : ૯૯૯૮૦૫૮૬૩૦

https://sandesh.com/epaper/sabarkantha?page=3